પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 10-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : TUESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1. વિશ્વભરના ગુજરાતીઓએ આજે હર્ષોલ્લાસ સાથે 'નૂતન વર્ષ' ઉજવ્યું
2. ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ ગુજરાતી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી
3. નૂતન વર્ષના પ્રારંભે વિકસિત ગુજરાત' અને 'નશામુક્ત ગુજરાત'ના અભિયાનમાં સહભાગી બનવા નાગરિકોને મુખ્યમંત્રીનો અનુરોધ
4. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં પ્રજાજનો સાથે નવા વર્ષની શુભકામનાઓની આપ-લે કરી.
5. દેશની ત્રણેય લશ્કરી સેનાઓ જામનગરમાં કટોકટીની સ્થિતનો સામનો કરવાની તૈયારીઓનું પરીક્ષણ કરશે.
6. ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી એક દિવસીય મેચ વરસાદને કારણે રદ

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

GUJARAT- NEW YEAR

વિશ્વભરમાં ગુજરાતીઓ આજે 'બેસતું વર્ષ' તરીકે જાણીતા નવા વર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા છે. આ અવસરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાન્ય જનતા અને કાર્યકરોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : સોનલ પરમાર)

ગુજરાતી નવું વર્ષ વિક્રમ સંવત કેલેન્ડરના કારતક મહિનાની શરૂઆતનું પ્રતીક છે. રાજ્યભરમાં લોકોએ શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ મેળવવા માટે મોટી સંખ્યામાં મંદિરોના દર્શન કર્યા. લોકોએ તેમના સગા-સંબંધીઓ અને મિત્રોને મળીને 'નૂતન વર્ષાભિનંદન' કહીને નવા વર્ષની શુભેચ્છાઓ આપી અને પારંપરિક મીઠાઈઓની આપ-લે કરી. આ દરમિયાન, વેપારી વર્ગે તેમના નવા હિસાબી ચોપડાની પૂજા માટે 'ચોપડા પૂજન' કર્યું. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ સ્થિત તેમના નિવાસસ્થાને પક્ષના કાર્યકરો અને નેતાઓ સાથે મુલાકાત કરી તેમને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. ગાંધીનગરમાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકો અને અધિકારીઓ સાથે વિક્રમ સંવત 2083ની શુભેચ્છાઓની આપ-લે કરી. બીજી તરફ ગોવર્ધન પૂજાના અવસરે, અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ શામળાજી મંદિરમાં વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો. સોનલ પરમાર પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ)

.....

VP PM-GUJARATI NEW YEAR

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. ઉપરાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી હતી કે આ નવું વર્ષ દરેક ઘરમાં ખુશી, સારા સ્વાસ્થ્ય, શાંતિ અને સમૃદ્ધિ લાવે. શ્રી રાધાકૃષ્ણને શુભેચ્છા પાઠવી હતી કે નવું વર્ષ બધા માટે નવી આશાઓ, નવી શરૂઆત અને નવી આકાંક્ષાઓ લઈને આવે.

દરમિયાન, એક સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આશા વ્યક્ત કરી છે કે આ નવી શરૂઆત દરેકના જીવનમાં ખુશી, શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારીની નવી આશાઓ લાવશે. શ્રી મોદીએ એ પણ પ્રાર્થના કરી કે દરેકનું જીવન ઉત્તમ સ્વાસ્થ્ય અને ઉત્સાહથી ભરેલું રહે.

.....

CM NEW YEAR

નૂતન વર્ષના પ્રારંભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાત' અને 'નશામુક્ત ગુજરાત'ના અભિયાનમાં સહભાગી બનવા નાગરિકોને અનુરોધ કર્યો. નવા વર્ષના પ્રથમ દિવસની શરૂઆત તેમણે ગાંધીનગરના પંચદેવ મંદિરમાં દર્શન સાથે કરી. શ્રી પટેલે મંત્રીમંડળ નિવાસ સંકુલ ખાતે નાગરિકો પ્રજાજનો સાથે નુતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓની આપ-લે કરી. ત્યારબાદ તેમણે અમદાવાદનાં નગરદેવી માં ભદ્રકાળીનાં દર્શન કર્યા. મુખ્યમંત્રીએ શાહીબાગ ખાતે શહેરના શ્રેષ્ઠીઓ તેમજ સામાન્ય નાગરિકો સાથે તેમજ પોલીસ ઓફિસર્સ મેસ ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારજનોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

દરેક જનનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિ સાથે આગળ વધે એવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરી છે. આપણો ભારત દેશ માનનીય વડાપ્રધાન શ્રીના સંકલ્પ સાથે વિકસિત ભારત અને નશામુક્ત ભારત એના માટે આપણે સૌ પણ વિકસિત ગુજરાત અને નશામુક્ત ગુજરાત સાથે આપણે સૌ સાથે મળીને આગળ વધીએ.

.....

AMIT SHAH AHMEDABAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદમાં તેમના નિવાસસ્થાને પ્રજાજનો સાથે દિવાળી અને નૂતન વર્ષની શુભકામનાઓની આપ-લે કરી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, અમદાવાદ પોલીસ કમિશનર અને અન્ય મુલાકાતીઓ તહેવારોની શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરવા પહોંચ્યા હતા.

સોશિયલ મીડિયા સંદેશમાં નવ વર્ષની શુભેચ્છા પાઠવતા શ્રી શાહે જણાવ્યું કે આ નવું વર્ષ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો નવો ઉજાસ પાથરે. માં લક્ષ્મીના આશીર્વાદ દરેક પરિવાર પર સદાય વરસતા રહે તેવી અભ્યર્થના.

.....

PATIL GREETINGS

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે દિવાળી અને બેસતા વર્ષના પાવન અવસરે નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે દિવાળી માત્ર પ્રકાશનો તહેવાર નથી, પરંતુ નવા વિચારો, નવી શરૂઆત અને નવા સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા આપતો અવસર પણ છે. નવા વર્ષમાં દરેક વ્યક્તિ નવી ઊર્જા અને ઉત્સાહ સાથે પોતાના જીવનમાં રચનાત્મક કાર્યોની શરૂઆત કરે અને સફળતાના નવા શિખરો સર કરે તેવી તેમણે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

(બાઇટ : સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી)

जो विकसित भारत की कल्पना है उसको साकार करने में हमारे सब संकल्पों में उसको जोड़ना चाहिए। हमारी आने वाली पीढ़ी के लिए ये विकसित भारत अत्यंत महत्व का है। ये कल्पना साकार करने से हमारी आने वाली पीढ़ी को बहुत ही महत्वपूर्ण उनके लिए एक कदम होगा और उस संकल्प में हम सब जुड़े यही नए साल में संकल्प करने के लिए मैं विनती करता हूं।

.....

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

JAMNAGAR AJHE-2026

દેશની ત્રણેય લશ્કરી સેનાઓ જામનગરમાં વાવાઝોડું, ભૂકંપ અને પૂરનો સામનો કરવા માટેની તૈયારીઓનું પરીક્ષણ કરશે. વાયુસેના સ્ટેશન પર આ એક મુખ્ય આંતરરાષ્ટ્રીય માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કવાયત AJHE-26 હશે. આ કવાયતમાં અનેક મિત્ર દેશો અને ત્રણેય ભારતીય સેનાઓ ભાગ લેશે. જેમાં વિવિધ દેશોના લશ્કરી દળો વાવાઝોડું, ભૂકંપ, પૂર અને અન્ય કટોકટી જેવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તૈયારી કરશે.

ભારતીય વાયુસેના અનુસાર, 17 નવેમ્બરથી શરૂ થતી અને 19 નવેમ્બર સુધી ચાલનારી આ કવાયત વાર્ષિક સંયુક્ત વાયુસેના કવાયત છે. આ ત્રણ દિવસીય કવાયતમાં મિત્ર દેશો સાથે ભારતીય સેના, નૌકાદળ, વાયુસેના, તટ રક્ષક અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ સામેલ થશે. આ કવાયતનો ઉદ્દેશ મોટી આફતો દરમિયાન વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન, સંયુક્ત કામગીરી હાથ ધરવાની ક્ષમતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાહત અને બચાવ કામગીરીનું સંકલન મજબૂત કરવાનો છે.

.....

BANASKANTHA AMBAJI CELEBRATION

આજે નૂતનવર્ષે શક્તિપીઠ અંબાજી મંદિરમાં વહેલી સવારથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ભક્તોએ માતાજીનાં દર્શન કરી નવા વર્ષની શરૂઆત કરી. બપોરે માતાજીને વિશેષ અન્નકૂટ ધરાવવામાં આવ્યો. દરમિયાન એક ભક્તે માતાજીને નવલખો હાર અર્પણ કર્યો હતો. સાંભળીએ અમારા બનાસકાંઠાના પ્રતિનિધિનો અહેવાલ.

(વોઇસ કાસ્ટ : સવજી ચૌધરી)

બનાસકાંઠાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે નવા વર્ષના પ્રથમ દિવસે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તોએ માતાજીના દર્શન કરી નવા વર્ષની શરૂઆત કરી હતી. આ પવિત્ર અવસરે ચેન્નઈમાં વસવાટ કરતા એક ભક્તે- અંદાજે 26 લાખ 91 હજાર રૂપિયાની કિંમતનો 200 ગ્રામ વજનનો સોનાનો નવલખો હાર અર્પણ કરાયો હતો. પરિવારજનોએ પૂજા અર્ચના સાથે આ હાર માતાજીને અર્પણ કર્યો હતો. નવા વર્ષના પ્રારંભે માતાજીના દરબારમાં સોનાનો હાર અર્પણ કરી ભક્ત પરિવારે પોતાની અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. જય જય અંબેના નાદ સાથે અંબાજી ગુંજી ઉઠ્યું હતું. સવજી ચૌધરી, આકાશવાણી સમાચાર, બનાસકાંઠા.

.....

GIRNAR DEVOTEE

દિવાળી વેકેશન દરમિયાન જૂનાગઢના ગિરનાર પર્વત પર યાત્રિકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. યાત્રિકો અને પ્રવાસીઓ ગિરનાર રોપવેનો લાભ લઈ દરરોજ અંબાજી, ગુરુ દત્તાત્રેય અને ભગવાન નેમિનાથના દર્શન કરી રહ્યા છે. આ અંગે એક પ્રવાસીએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : VIJAYBHAI DHARMADHIKARI યાત્રિક)

अभी हम लोग गिरनार आए, तो हम लोग को 20 साल हो गए यहा आते जाते लेकिन रोप वे से इतनी सुविधा हुई है कि 20 साल के पहले हमारी उम्र आज की उम्र में फर्क हो गया है इसलिए हमारे लिए यह गिरनार का जो रोपवे बहुत सपोर्टिव रहा सब दुनिया के लिए और बुजुर्ग लोग अभी आराम से गिरनार के दर्शन कर सकते।

.....

DAY CRICKET

ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી એક દિવસીય મેચ રદ કરવામાં આવી છે. વરસાદથી પ્રભાવિત મેચમાં ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. 40 ઓવરની મેચની તૈયારીઓ છતાં સતત વરસાદના કારણે રમત અટકી ગઈ હોવાથી અમ્પાયરોએ રમત રદ્દ કરી હતી. ભારત પાંચ મેચની શ્રેણીમાં 2 - 0 થી આગળ છે. બાકીની બે મેચ 13 અને 15 નવેમ્બરના રોજ તૌરંગામાં રમાશે. શુભમન ગિલ અને કે.એલ રાહુલ વેલિંગ્ટનમાં ભારતની ટેસ્ટ ટીમમાં જોડાશે. શ્રેયસ ઐયર અંતિમ બે વનડેમાં ટીમનું નેતૃત્વ કરશે. ઋતુરાજ ગાયકવાડ અને ઇશાન કિશન પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મેળવે તેવી અપેક્ષા છે.
